આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૪ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪, શુક્રવાર; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન રહિમ આતા હૈ.. ન રામ આતા હૈ.. ઇન્સાન કો ઇન્સાન હી કામ આતા હૈ..
- ઝફર જોધપુરી

## NEWS બિટ્સ

**● હવે ૬૦ દિવસમાં આવકવેરા રીફંડ**

સરકારે દરેક પ્રકારની સરકારી સેવા મળવા માટે નિશ્ચિત સમય મર્યાદા અમલમાં મુકવા તૈયારી કરી છે. તેમાં આવકવેરા વિભાગને પણ આવરી લેવાયું છે. ખાસ કરીને આવકવેરાના રીફંડ મુદ્દે સૌથી મોટી સમસ્યા છે. હવે આવકવેરો ભરનારાઓને માત્ર ૬૦ દિવસમાં રીફંડ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા તાકીદ કરવામાં આવી છે.

**● વિદ્યાર્થીઓના બેંક ખાતા બંધ ન કરવા રીઝર્વ બેંકનો આદેશ**

રીઝર્વ બેંકે વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ બંધ નહીં કરવા તમામ બેંકોને આદેશ આપ્યો છે. આ એકાઉન્ટ ઝીરો બેલેન્સથી પણ ચાલુ રહેશે અને બેંક વિદ્યાર્થીઓની સંમતિ વગર તેને બંધ કરી શકશે નહીં. આ નિયમ સ્કોલરશીપ મેળવતા તથા શિક્ષણ લોન સહિતની લોન ધરાવતા વિદ્યાર્થીઓના બેંક ખાતાઓને લાગુ પડશે.

**● રાજેશ ખન્નાનો બંગલો ૮૫ કરોડમાં વેચાયો**

મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલો રાજેશ ખન્નાનો બંગલો ૮૫ કરોડમાં વેચાયો છે. ઓલ કાર્ગો કંપનીના સ્થાપક શશી કિરણે આ બંગલો રાજેશ ખન્નાના જમાઈ અક્ષયકુમાર પાસેથી ખરીદ્યો છે. રાજેશ ખન્નાએ આ બંગલો ફિલ્મ સ્ટાર રાજેન્દ્રકુમાર પાસેથી ૧૯૭૦માં ખરીદ્યો હતો.

**● વૈષ્ણોદેવીમાં હેલીકોપ્ટર અને લિફ્ટની સગવડ**

દર વર્ષે વૈષ્ણોદેવી યાત્રાધામે આવતા દર્શનાર્થીઓ પર સુવિધાઓનો વરસાદ થઈ રહ્યો છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વૈષ્ણોદેવી મંદિરમાં દર્શન પૂજન કર્યા હતા. તેઓએ અહીં જનતાનું અભિવાદન ઝીલી જનતાને વધારાનુ હેલીપેડ તથા લિફ્ટ ભેટરૂપે આપ્યા હતા. નવા હેલીપેડથી વૃધ્ધ શ્રધ્ધાળુઓ સીધા જ મુખ્ય ભવન સુધી પહોંચી શકશે.

# આજે જિલ્લા શિક્ષણતંત્રની અગ્નિ પરીક્ષા

## ૪૦ થી વધુ સનદી અધિકારીઓ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી જ્ઞાન સપ્તાહની ઉજવણી તેમજ શૈક્ષણિક સુવિધા અને સ્તરને ચકાસશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી અંગેની સમીક્ષા તેમજ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનું સ્તર અને સુવિધાઓ માટે વાલીઓ હોવાથી જિલ્લા શિક્ષણતંત્ર હેબતાઈ જવા પામ્યુ છે અને તેની અગ્નિપરિક્ષા હોવાનું માની રહ્યું છે.

આ સનદી અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જશે.

### શિક્ષણ રાજ્યમંત્રી વાનાણીએ રાંધેજાની અચાનક મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૪

આજે ગાંધીનગર જિલ્લામાં જ્ઞાન સપ્તાહની ચાલી રહેલી ઉજવણીને ચકાસવા તેમજ તેની સમીક્ષા માટે રાજ્યમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી રાંધેજા પ્રા. શાળાની ઓચિંતી મુલાકાતે ગયા હતા.

શ્રી વાનાણી આજે રાંધેજા પ્રા. શાળાના સંકુલમાં પહોંચતાં જ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે બાળકોની હાજરી, મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણ સહિત સંકુલની મુલાકાત લઈ શિક્ષકો સાથે પરામર્શ કર્યો હતો.

શ્રી વાનાણીએ બાળકો સાથે ખુલ્લા મને વાતો કરી હતી. શ્રી વાનાણીની આ ઓચિંતી મુલાકાતને લઈ શિક્ષણ તંત્ર ચોંકી ઉઠ્યું હતું.

સાથે બેઠક કરી એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા રાજ્ય સરકારના મુખ્ય સચિવ શ્રી ડૉ. વરેશ સિંહા સહિત રાજ્યના ૫૦ જેટલા સનદી અધિકારીઓ આજે એક સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને ખુંદી વળશે.

રાજ્ય સરકારે ૧ થી ૫ સપ્ટેમ્બર દરમિયાન જ્ઞાન સપ્તાહની ઉજવણીનો કાર્યક્રમ જાહેર કરેલ છે. રાજ્ય સરકારના ઉચ્ચ સનદી અધિકારીઓ આજે એક જ દિવસે શિક્ષણની ચિંતાને લઈ જિલ્લામાં આટલી મોટી સંખ્યામાં ઉતરી રહ્યા જિલ્લાના ચારેય તાલુકામાં ૧૧-૧૧ અધિકારીઓને ફાળવાવમાં આવ્યા છે. જિલ્લાના શિક્ષણનું સાચુ ચિત્ર સરકાર દ્વારા જાણવા માટેનો આ પ્રથમ સામુહિક અને જાહેર પ્રયોગ છે.

અધિકારીઓ શાળા સંકુલમાં જશે શાળા સંકુલની મુલાકાત લેશે સંકુલની સ્થિતિ સંકુલમાં અપાતુ શિક્ષણ, શિક્ષણ ઉપરાંતની પ્રવૃત્તિ વગેરે વિશેની વિગતો એકત્ર કરશે. આ અધિકારીઓ શાળા સંચાલન માટે વાલીઓ અને શિક્ષકોની બનેલ સ્કૂલ મેનેજમેન્ટ ટીમ સાથે પણ બેઠક કરશે.

● અનુસંધાન પાન-૭ પર



સાબર મૈયા - ગાંધીનગરના પાદરેથી પસાર થતી સાબરમતી નદીમાં આજે પાણીનો પ્રવાહ વહેતો જોવા મળતાં સમગ્ર નગરમાં આનંદ-ઉલ્લાસ છવાયો હતો... ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં ભારે વરસાદને પગલે ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતી સાબરમતી નદી ગાંધીનગરના પાદરે પાણી સાથે છલકાતી - છલકાતી પહોંચી ત્યારે નદી કિનારે અનોખો માહોલ સર્જાયો હતો. સાબરમતી નદીમાં પાણી જોવાનું સદભાગ્યે વર્ષમાં એકાદ-બે વખત જોવા મળે છે... ગુરૂવારની સવારે આવો જ મંગલ પ્રસંગ ગાંધીનગરાઓને માણવા મળ્યો... મા-સાબર સતત વહેતી રહે એવી પ્રાર્થના.... (તસવીર : દિપક જાની)

# મનપાને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ૧૧,૫૦૦ ચો.મી. જગ્યાની ફાળવણી

## વ્હીકલ પુલ તેમજ ઢોરવાડા અને વે બ્રીજ માટે પણ ૮ હજાર પાંચસોથી વધુ ચો.મી. જગ્યા ફળવાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગરપાલિકાને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટના અસરકારક અમલીકરણ માટે છ જેટલા સ્થળોએ જમીન વપરાશની મંજૂરી રાજય સરકારે આપી છે. સરકારના આ હકારાત્મક અભિગમને મનપાના સત્તાધીશોએ આવકારી અને રાજય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

રાજય સરકારે ચાર ઝોન કચેરીઓ ઉપરાંત પાલજ ખાતે પણ વેસ્ટ કલેકશન સેન્ટર માટે કુલ ૧૧,૫૦૦ ચો.મી.જેટલી જગ્યા વપરાશની મંજૂરી આપી છે. સરકારે આ ઉપરાંત સે-૩૦ નજીક વે બ્રીજ માટે ૯૦૦ ચો.મી. તેમજ ઢોરવાડા માટે ૫૦૦૦ ચો.મી. અને વ્હીકલ પુલ બનાવવા માટે બોરીજ પાસે ૨૫૦૦ ચો.મી. જમીન વપરાશની મંજૂરી આપી અને તે જગ્યાઓનો કબ્જો પણ મનપાને આજે સોંપી દીધો છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા રોજે રોજ વકરી રહી છે. એક તબક્કે આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કેટલાકના તડીપારના હુકમો પણ જિલ્લા તંત્ર દ્વારા કરાયા હતા. જો કે હમણાંથી રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની છે. આ પશુઓ 'ચ' માર્ગ અને 'ઘ' માર્ગ પર પણ ફરતા જોવા મળી રહ્યા છે જેને લઈ મોટા અકસ્માતનો ભય ઉભો થયો છે.

રખડતા પશુઓને પકડી અને તેમને રાખવા માટેની જગ્યા નહિ હોવાથી મનપા ઉદાસીન વલણ દાખવતું હતું. હવે સરકારે આ માટે પાંચ હજાર ચો.મી. જેટલી જગ્યા ફાળવી છે. એક તબક્કે સરકારે આ મુદ્દે સ્મશાન ભૂમિ નજીક ૧૦ હજાર ચો.મી. જેટલી જગ્યા ફાળવી હતી પરંતુ કોર્પોરેશને તે જગ્યાને લઈ વાંધો રજુ કરતાં એવી રજુઆત કરી હતી કે જમીન સમતળ કરી અને યોગ્ય ઢોરવાડો બનાવવા માટે તંત્રને ભારેખમ ખર્ચ થાય એમ છે એટલે કોર્પોરેશન દ્વારા જગ્યાનો કબ્જો મેળવવામાં આવ્યો ન હતો.

● અનુસંધાન પાન-૭ પર

બિન સચિવાલય
કલાર્ક 2444 જગ્યાઓ
અંગ્રેજી - ગુજરાતી વ્યાકરણ તથા સાહિત્ય / કોમ્પ્યુટર / જનરલ સ્ટડીઝ / બુધ્ધિ ચાતુર્ય કસોટી
તથા
આસીસ્ટન્ટ (સચિવાલય)
(ગાણિતિક વિશ્લેષણ)
નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું શ્રેષ્ઠ શિક્ષણ
તથા
રેવન્યુ તલાટી (મહેસુલ)
તથા
જેલ સિપાહી/કોન્સ્ટેબલ (કાયદાઓ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
સંપૂર્ણ સાહિત્ય FREE
(4 માસનો અભ્યાસ ક્રમ)
બ્રિલિયન્ટ માસ્ટર કોર્ષ-2014 નવી બેચ શરૂ

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર શાખા માટે | 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |
| | 08.09.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 08.09.2014 | બપોરના 12-15 થી 1-45 | શુક્ર થી મંગળ |

1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607

# દહેગામના હરસોલીમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૪

દહેગામ તાલુકામાંથી ચાંદીપુરમ પોઝીટીવનો કેસ મળ્યાના અહેવાલોની શાહી પણ સુકાઈ નથી ત્યાં હરસોલી ગામમાંથી એક કોલેરા પોઝીટીવ કેસ મળી આવતાં આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ જવા પામી છે.

હરસોલી ગામાં રહેતી ૪૦ વર્ષીય મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે.

દહેગામ તાલુકાના હરસોલી ગામમાંથી મળી આવેલા કોલેરા પોઝીટીવ કેસના પગલે તંત્રએ તાત્કાલિક સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જો કે કોઈ અન્ય શંકાસ્પદ દર્દી મળેલ નથી. તંત્રએ આ વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો કેવી રીતે થયો તે અંગેના કારણો શોધવાના પ્રયાસ પણ હાથ ધર્યા છે.

ગામમાં પાણીની પાઈપલાઈનના લીકેજીસ શોધવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. મળતા અહેવાલો પ્રમાણે એક બે નાના લીકેજીસ મળ્યા છે તે તાત્કાલિક દુરસ્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના ખોરજ નજીકની કન્સ્ટ્રકશન સાઈટને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યા બાદ હવે દહેગામમાં કોલેરાએ જે રીતે માથુ ઉચક્યુ છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગયા વર્ષે કોલેરાને કારણે બે વ્યક્તીના મોત પણ દહેગામમાં નોંધાયા હતા જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં જે રીતે પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે તે ચિંતાજનક છે. રોગચાળાની સ્થિતિની સમીક્ષા કરવા માટે પ્રભારી સચિવે બેઠક પણ યોજી હતી. તે વખતે જિલ્લામાં કોલેરાના ૧૫ જેટલા કેસો નોંધાયેલા હતા. આ નવો કેસ નોંધાતા હવે કોલેરાના કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી છે.

ગાંધીનગર નજીકની કન્સ્ટ્રકશન સાઈટ પર નવા કેસ મળ્યા કે કેમ તેને લઈ તંત્ર ભેદી મૌન સેવી રહ્યું છે. જો કે જિલ્લામાં સાદા ઝાડાના કેસોની સંખ્યા રોજેરોજ વધી રહી છે.

ગાંધીનગરમાં પ્રથમ વાર
ફ્રી એન્ટ્રી અને પાર્કીંગ
ART BEAUTY & MAGIC OF HANDICRAT & HANDLOOM OF INDIA
આર્ટ & ક્રાફ્ટ શોપિંગ ફેસ્ટીવલ

ફક્ત ટૂંક સમય માટે
તા ૧-૯-૨૦૧૪ થી શરૂ
કચ્છી હેન્ડલુમની વસ્તુઓ
મેરઠની ખાદી-શર્ટ, બોમ્બેની ફેન્સી ચંપલ, બોમ્બે અને જયપુરી ટોપ-સ્કર્ટ-કુર્તી, લેગીન્સ, બોમ્બે પર્સ, ટોઈઝ, મુખવાસ, કન્ઝ્યુમર, હેલ્થકેર પ્રોડક્ટ ટેરાકોટા, કોકરી ૩૦ હજારથી પણ વધારે ઘર વપરાશની, હેન્ડલુમઅને હેન્ડીક્રાફ્ટની વસ્તુઓનું પ્રદર્શન વેચાણ એક જ જગ્યાએ
સમય : સવારે ૧૧ થી રાત્રે ૧૦
સ્થળ : ઓપન થીયેટરની બાજુમાં, ઘ-૫, ગાંધીનગર.

